**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા ૦૮.૦૨.૨૦૧૯

----------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તથા હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનહરલાલ ખટ્ટરની વિશેષ ઉપસ્થિતિમાં પાટણ ખાતે ત્રણ લોકસભા બેઠકનું ભાજપાનું ક્લસ્ટર સંમેલન યોજાયુ**

----------------

**ઊંઝાના પૂર્વ ધારાસભ્ય શ્રીમતી ડૉ. આશાબેન પટેલ સાથે ઉંઝા નગરપાલિકાના ૧૫ સભ્યો તથા તાલુકા પંચાયતના સભ્યો સહિત કોંગ્રેસના ૧૧૦૦ જેટલા કાર્યકરોએ ખેસ પહેરીને વિધિવત રીતે ભાજપામાં જોડાયા**

----------------

**૨૦૧૯ લોકસભાની ચૂંટણીઓમાં પણ આપણે સૌ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને એવો પ્રચંડ વિજય મેળવીએ કે આવનારા સમયમાં કોંગ્રેસ પુનઃ ક્યારેય ગુજરાતમાં ચૂંટણી જીતવાનું સ્વપ્ન પણ ન જુએ**
**– શ્રી જીતુભાઇ વાઘાણી**

----------------

**ઘણા વર્ષો બાદ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશને એક પ્રમાણિક અને ઈમાનદાર સરકાર મળી છે**
**- શ્રી મનહરલાલ ખટ્ટર**

----------------

આજરોજ પાટણ ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તથા હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનહરલાલ ખટ્ટરની વિશેષ ઉપસ્થિતિમાં પાટણ, મહેસાણા અને બનાસકાંઠા લોકસભા બેઠકનું પાટણ ખાતે ક્લસ્ટર સંમેલન યોજાયુ હતુ. આ સંમેલનમાં તાજેતરમાં કૉંગ્રેસમાંથી રાજીનામુ આપનારા ઊંઝાના ધારાસભ્ય શ્રીમતી ડૉ. આશાબેન પટેલ સાથે ઉંઝા નગરપાલિકાના ૧૫ સભ્યો તથા તાલુકા પંચાયતના સભ્યો સહિત કોંગ્રેસના ૧૧૦૦ જેટલા કાર્યકરોએ ખેસ પહેરીને વિધિવત રીતે ભાજપામાં જોડાયા હતો. આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણી તેમજ મહેસુલ મંત્રી શ્રી કૌશીકભાઇ પટેલ અને ઉંઝાના પૂર્વ ધારાસભ્ય શ્રી નારાયણભાઇ પટેલે તેમને સહર્ષ આવકારી સ્વાગત કર્યુ હતુ.

શ્રી જીતુભાઇ વાઘાણીએ તેમના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, ભાજપે હંમેશા હકારાત્મકતા અને "સૌના સાથ, સૌના વિકાસ"ની રાજનીતિ અપનાવી છેપ્રજાપ્રિય ભાજપ સરકારના સામાજીક ઉત્કર્ષના કાર્યોથી ગુજરાતની પ્રજા ભલીભાતી અવગત છે. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના લોકપ્રિય નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર તેમજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં ચાલતી રાજ્ય સરકારે અનેકવિધ જનસુખાકારીની યોજનાઓના લાભો જનજન સુધી પહોંચાડયા છે તથા ગુજરાતના વિકાસ મોડેલનો સમગ્ર દેશ અને વિશ્વએ સ્વીકાર કર્યો છે .

શ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા જાતિવાદ, જ્ઞાતિવાદ તથા પ્રાંતવાદ ભડકાવી ગુજરાતની શાંતી ડહોળવાના નીમ્ન કક્ષાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા, છતાં પણ સતત છઠ્ઠી વખત જનતાના

..૨..

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



આશીર્વાદથી ભાજપાનો ગુજરાતમાં વિજય થયો, જે જનતાનો વિશ્વાસ, સરકારની ઉત્કૃષ્ટ કામગીરી અને કાર્યકરોના અથાગ પરિશ્રમને આભારી છે .૨૦૧૯ લોકસભાની ચૂંટણીઓમાં પણ આપણે સૌ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને એવો પ્રચંડ વિજય મેળવીએ કે આવનારા સમયમાં કોંગ્રેસ પુનઃ ક્યારેય ગુજરાતમાં ચૂંટણી જીતવાનું સ્વપ્ન પણ ન જુએ.

હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનહરલાલ ખટ્ટરે તેમના વક્તવ્યમાં જણાવ્યુ હતુ કે, ઘણા વર્ષો બાદ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશને એક પ્રમાણિક અને ઈમાનદાર સરકાર મળી છે. ૨૦૧૪ પહેલાના કોંગ્રેસ સરકારના ૧૦ વર્ષ યાદ કરીએ તો ખ્યાલ આવે કે, સમગ્ર દેશમાં ઘોર નિરાશા અને અરાજકતાની સ્થિતિ હતી. સોનીયા અને મનમોહનસિંહની સરકારની અનિર્ણાયકતા તેમજ અબજો રૂપિયાના ભ્રષ્ટાચારને લીધે સમગ્ર વિશ્વમાં દેશની છબી ખરડાઇ ગઇ હતી. દેશનું અર્થતંત્ર પણ મંદીમાં ધકેલાઇ ગયુ હતુ. તેને બદલે આજે માત્ર સાડા ચાર જ વર્ષમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભારતે તમામ ક્ષેત્રે નોંધનીય વિકાસ કર્યો છે. દેશના જીડીપીમાં વધારો, મોંઘવારીમાં ઘટાડો, વિદેશી રોકાણોમાં વધારો તેમજ યુવા રોજગાર, કૃષિ વિકાસ અને મહિલાઓની સુખાકારી માટેની અનેકવિધ યોજનાઓ દ્વારા તમામ વર્ગોનો સર્વાંગિ વિકાસ કર્યો છે.

શ્રી ખટ્ટરે જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ ગમે તેટલા જુઠ્ઠાણા ફેલાવે પરંતુ દેશની જનતા હવે જાગી ગઇ છે. આવનારી ૨૦૧૯ની ચૂંટણીઓમાં સંપૂર્ણ બહુમતિ સાથે ભાજપાનો વિજય નિશ્ચિત છે ત્યારે ગુજરાતમાં પણ ફરીથી ૨૬માંથી ૨૬ બેઠકો જીતવા માટે સૌ કાર્યકરો કટિબધ્ધ બને.

ભાજપા પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાએ ઉપસ્થિત સૌ કાર્યકરોને સંગઠનલક્ષી માર્ગદર્શન આપી આગામી કાર્યક્રમો જેવા કે, સમર્પણ દિવસ, ''મેરા પરિવાર - ભાજપ પરિવાર'', ''ભારત કે મન કી બાત, મોદી કે સાથ'', વિસ્તારક અભિયાન વગેરે જેવા કાર્યક્રમો વિશે વિગતવાર માહિતી આપી હતી.

આજના આ ક્લસ્ટર સંમેલનમાં ત્રણ લોકસભા મતવિસ્તારના પ્રદેશ પદાધિકારીશ્રીઓ, લોકસભા બેઠક વિસ્તારના પ્રભારીશ્રીઓ, ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જશ્રીઓ, જીલ્લાના પ્રમુખ-મહામહામંત્રીશ્રીઓ, મંડલના પદાધિકારીશ્રીઓ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડેલા ઉમેદવારશ્રીઓ, મંડલ મોરચાના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, શક્તિકેન્દ્રના ઈન્ચાર્જ-પ્રભારીશ્રીઓ, બોર્ડ-નિગમના પદાધિકારીશ્રીઓ તથા પૂર્વ સાંસદ-ધારાસભ્યશ્રીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા ૦૮.૦૨.૨૦૧૯

----------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં આવતીકાલે આણંદ તથા સુરેન્દ્રનગર ખાતે પ્રદેશ ભાજપાના ત્રણ-ત્રણ લોકસભા બેઠકના બે ક્લસ્ટર સંમેલન યોજાશે**

----------------

**આણંદ ખાતે આણંદ, ખેડા તથા વડોદરા લોકસભા બેઠકના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે**

----------------

**સુરેન્દ્રનગર ખાતે રાજકોટ, સુરેન્દ્રનગર તથા કચ્છ લોકસભા બેઠકના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે**

----------------

**આણંદ ખાતે યોજાનાર સંમેલનમાં મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણ વિશેષ ઉપસ્થિત રહેશે**

----------------

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ગુજરાત લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમજી માથુર સુરેન્દ્રનગર ખાતે ઉપસ્થિત રહેશે**

----------------

પ્રદેશ ભાજપા મીડિયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, પ્રદેશ ભાજપા દ્વારા કેન્દ્રીય યોજના પ્રમાણેના ક્લસ્ટર સંમેલનો પૈકી બે ક્લસ્ટર સંમેલન આણંદ અને સુરેન્દ્રનગર એમ બે સ્થળોએ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં આવતીકાલે તારીખ ૯ ફેબ્રુઆરી, ૨૦૧૯ શનિવારના રોજ યોજાશે.

આણંદ, ખેડા અને વડોદરા એમ, મધ્ય ગુજરાતની ત્રણ લોકસભા બેઠકો માટેનું ક્લસ્ટર સંમેલન સ્વામીનારાયણ બાગ, મુ.ભારેલ, તા.બોરસદ જી.આણંદ સવારે ૧૦.૦૦ કલાકે યોજાશે. આ ક્લસ્ટર સંમેલનને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણ તથા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા સંબોધન કરશે.

રાજકોટ, સુરેન્દ્રનગર અને કચ્છ એમ, સૌરાષ્ટ્ર વિસ્તારનું ક્લસ્ટર સંમેલન જીન કમ્પાઉન્ડ, ધર હોતો ઐસાની બાજુમાં, જીનતાન રોડ, સુરેન્દ્રનગર ખાતે બપોરે ૧.૦૦ કલાકે યોજાશે. જેમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ગુજરાત લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમજી માથુર, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા તથા પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા માર્ગદર્શન આપશે.

આ ક્લસ્ટર સંમેલનોમાં લોકસભા મતવિસ્તારના લોકસભા સીટના પ્રભારી, ઇન્ચાર્જ-સહઇન્ચાર્જશ્રીઓ, મંડલ પદાધિકારી તથા મંડલસઃ પ્રદેશ સીટના પદાધિકારીઓ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડેલા ઉમેદવારશ્રીઓ, મંડલ મોરચાના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, શક્તિકેન્દ્રના ઇન્ચાર્જ-પ્રભારીશ્રીઓ, બોર્ડ-નિગમના પદાધિકારીઓ તથા પૂર્વ સાંસદ-ધારાસભ્યશ્રીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહેશે જેને પ્રદેશ આગેવાનો આગામી લોકસભા ચૂંટણીના સંદર્ભમાં માર્ગદર્શન આપશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ